સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

'ઉદ્ધતાઈ' ને ઊંચા, અવાજનો ભેદ સમજે છે,
માન, અપમાન ને ઉપેક્ષાનો અર્થ સમજે છે.
સમજે છે દયાને લાગણીનો પણ તફાવત -
કાન બહેરા છે પણ મગજ બધું સમજે છે...
(બહેરાઓની માનસિક પરિસ્થિતિ)

હાઈકુ

નિંદા-કૂથલી,
સાંભળવું છે કોને ?!
લ્યો ! હાશ છૂટ્યા...

પાછળી વયે
માનસિક શાંતિની
ઈશ્વર કૃપા
('બહેરાશ'નો ફાયદો)

ચિંતન

જીવિતં મરણ યોભે સુખદુ:ખ તથૈવ ચ ।
લાભાલાભે પ્રિયે દ્વેષ્યે ય: સમ: સ: મુચ્યતે ॥

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

જીવનમરણમાં, સુખદુ:ખમાં, લાભ હાનિમાં અને પ્રિય અપ્રિયમાં જે સમાન વૃત્તિ રાખે છે તે સ્થિરબુદ્ધિ ગણાય છે.

સુખદુ:ખ, રોગ-પીડા, ઠંડી-ગરમી, ગરીબી, અમીરી, સુવિધા-મુશ્કેલીઓ આ તમામ દ્વંદ્વમાં વ્યક્તિએ ધૈર્યપૂર્વક સહનશીલ થઈ 'તટસ્થ' રહેવું જોઈએ. આવી વ્યક્તિ તટસ્થ-વિવેકી અને સ્થિરબુદ્ધિ કહેવાય.

સુવિચાર

- એક ખુદાની હાજર નિશાની; સૂર્ય, ચંદ્ર, આતશ અને પાણી - **પારસી કહેવત**
- વાઘના પંજામાંથી છટકવા કરતાં મહેચ્છાઓની પડકમાંથી છૂટવું વધુ સારું છે - **શેખ સાદી**
- વ્યક્તિની પોતાની હિંમતના પ્રમાણમાં તેના જીવનનો કાં તો વિકાસ થાય છે અથવા રકાસ - **ટોમસ ફુલર**
- સંતોષનો બંધ તૂટતાં ઈચ્છાનું ઘોડાપૂર વિનાશ વેરે છે - **ધર્મલોક**
- સંબંધનો બધ ત્યાં સુધી જ ટકી રહે છે, જયાં સુધીએ લાગણીના સળિયાઓથી જોડાયેલો રહે છે - **અખંડ આનંદ**
- પૈસામાં વિશ્વાસ રાખશો નહિ, પણ તમારા પૈસા વિશ્વાસુને જ આપજો - **લા માર્ટિન**
- આજનું ઔષધ : કુંવારપાઠાનો ગર હળદર સાથે સવાર-સાંજ લેવાથી યકૃતના સોજામાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક મોટીવેશનલ સેમિનાર હતો. સ્પીકર બોલ્યા. 'કોના જેવા બનશો ?' સૌ વિચારવા લાગ્યા કે હમણાં કોઈ મહાનુભાવની વાત થશે. તેમના ફોટા અને તેમના ગુણો સમજાવવામાં આવશે. દરેક રાઈન્ડ ટેબલ પર જેટલા બેઠા હતા. તેટલા માટે પાણીની બોટલો આવી. અને ખાલી ગ્લાસ. એક ગ્લાસમાં પા ભાગ જેટલું ગુલાબનું શરબત ભરેલું હતું. સ્પીકર બોલ્યા. 'કોના જેવા બનશો? તે સવાલનો જવાબ આપની ટેબલ પર તમારી સામે છે... જળ જીવન છે ને ? તો જીવન જળ જેવું બનાવવું જરૂરી છે. પાણી તમારી સામે ચોખ્ખું પીવાલાયક બોટલના આકાશમાં સમાયેલું છે. બોટલ ખોલો અને પાણીથી ખાલી ગ્લાસ કે જેમાં શરબત છે તે શરબતમાં ઉમેરી હલાવી લો. પાણી રંગીન થઈ જશે અને સ્વાદ પણ માણવાલાયક થઈ જશે.' સૌ શ્રોતાઓએ સ્પીકરે કહ્યું તેમ કહ્યું. સ્પીકરે કહ્યું, 'પાણી જયારે બોટલમાં હતું ત્યારે તે બોટલ આકારનું હતું. તેમ તેમ પણ તમારી જે પરિસ્થિતિ મળી છે. તેમાં ગોઠવાયેલા રહો. જો પાણી ગ્લાસમાં ઉમેર્યું ત્યારે તે ગ્લાસનાં આકારમાં ગોઠવાઈ ગયું. એટલે સંજોગો બદલાતાં તમે તેનો સ્વીકાર કરી ગોઠવાઈ જાવ. શરબતમાં પાણી ઉમેર્યું અને તે ભૂલી સતત મહેનત કરી તમારું મૂલ્ય વધારો.' છેલ્લે સ્પીકરે કહ્યું, 'સૌ પાણી જેવા બનો... તમારો રસ્તો જાતે શોધો. કોઈ પણ આકારમાં ઢળી જાવ... બધાં સાથે ભળી જાવ... પાણીની જેમ અન્ય માટે પણ ઉપયોગી બનો.'

રાજ્યમાં મેઘરાજાની મહેર

તંત્રીસ્થાનેથી...

ગુજરાતમાં વિજયભાઈ રૂપાણીની સરકારે ત્રણ વર્ષની સફળ કારકિર્દી પૂરી કરી ચોથા વર્ષમાં પ્રવેશ કર્યો છે. તદ્દન 'ડાઉન ટુ અર્થ' જમીનથી જોડાયેલા વિજય રૂપાણીને ગુજરાત જેવા દેશના અતિ પ્રગતિશીલ રાજયનું સુકાન સંભાળવાની તક સાંપડી એમાં પણ કુદરતી સંકેત હોવો જોઈએ. કેશુભાઈ પટેલની સરકારમાં સંકલ્પપત્ર અમલીકરણ સમિતિના ચેરમેન તરીકે આ જ વિજય રૂપાણીના ગઢ જેવા રાજકોટનું વરિષ્ઠ નેતા વજુભાઈ વાળાની આગેવાનીમાં રખોપું કરતા હતા. છેક નગરસેવકથી લઈ મુખ્યમંત્રીપદ સુધીની જવાબદારી એમણે અત્યંત કુશળતાપૂર્વક નિભાવી છે. એમને વજુભાઈ વાળાની ખાલી પડેલી બેઠક પરથી પેટાચૂંટણીમાં વિજય મેળવી ધારાસભ્ય બન્યા હતા અને પછી રાજય સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે જોડાયા હતા. એમને પાર્ટીમાં પ્રદેશ પ્રમુખ તરીકે સોંપાયેલી જવાબદારી એવી કુનેહપૂર્વક બજાવી હતી કે જયારે આનંદીબેનના નેતૃત્વ હેઠળ આગામી ચૂંટણીઓમાં ધાર્યું પરિણામ નહીં મળી શકે એવા ગુપ્તચર અહેવાલો આવ્યા ત્યારે એમને ઉંમરના કારણે રાજીનામું અપાવી એમની જગ્યાએ વિજયભાઈ રૂપાણીને મૂકવાનો નિર્ણય લેવાયો. મંત્રીમંડળમાં ઘણા સિનિયર મંત્રીઓને સાઈડલાઈન કરીને આ જોખમી ગણાતો નિર્ણય પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે લીધો હતો અને તે સમયે કદાચ કોઈને કલ્પના પણ નહીં હોય કે રાજકોટની મહાનગર પાલિકાના મેયર પદનો અને થોડાક મહિનાઓ પૂરતો રાજયના મંત્રી તરીકેનો અનુભવ ધરાવતા આ સૌમ્ય પ્રકૃતિના નેતા કાળક્રમે મોટું કાઠું કાઢશે. એમના ટેકામાં ગણતરીપુર્વક મોદી અને આનંદીબેન બેઉના મંત્રીમંડળમાં નંબર-ટુ રહેલા ઉત્તર ગુજરાતના ખમતીધર કડવા પટેલ અગ્રણી અને અનુભવી, વહીવટકુશળ નેતા નીતિનભાઈ પટેલને નાયબ મુખ્યમંત્રી બનાવાયા તથા એમની માગણી મુજબ નાણાંખાતું ફાળવાયું, શરૂઆતમાં આ જોડી વચ્ચે સિનિયર જુનિયર જેવી ચકમક પણ ઝરતી રહી પરંતુ સમય દરેક રોગની દવા છે એ ન્યાયે આખરે બેઉએ સાથે મળી 'સંકલ્પથી સિદ્ધિ' ભણી પ્રયાણ કર્યું અને પ્રજાલક્ષી કામો કરી ગુજરાતને કુશળ નેતૃત્વ બક્ષ્યું છે. ત્રણ વર્ષના શાસનકાળ દરમિયાન કેટલાંક આંદોલનો પણ થયાં. પાટીદારો અને દલિતો પાર્ટીથી વિમુખ થઈ જશે એવી દહેશત પણ ઊભી થઈ. પરંતુ ગરીબ સવર્ણો માટેની અનામત સહિતના નિર્ણયો લોકપ્રિય નીવડ્યા. લોકસભાની કસોટીમાંથી પાર ઊતરવામાં એમને જરા પણ તકલીફ ન પડી અને વિધાનસભાની ચૂંટણી વખતે પડેલી બેઠકોની ખોટ સામે કોંગ્રેસના જ ચૂંટાયેલા ધારાસભ્યો સામે ચાલીને ભાજપનો ભગવો અપનાવવા લાગ્યા. વિજયભાઈ એ રીતે ખૂબ નસીબદાર અને શુકનિયાળ મુખ્યમંત્રી સાબિત થયા છે. કેન્દ્રમાં બેઠેલા વરિષ્ઠ નેતાઓ અમિત શાહ અને નરેન્દ્ર મોદીના એમને આશીર્વાદ છે. એથી ગુજરાતને વિકાસનાં નવાં સોપાન સર કરવામ્ કઈ જ અડચણ પડતી નથી. મેઘરાજાએ પણ મહેર કરી છે. સંસ્કૃતમાં કહેવત છે : રાજા કાલસ્ય કારણમ્ ! રૂપાણી પર દિલ્હીના માંધાતાઓથી માંડી મેઘરાજા સુધીનાં તમામ પરિબળોની મહેર છે એટલે કયારેક અકસ્માતે મળી ગયેલું પદ એને માટે સૌથી લાયક વ્યક્તિને જ શોધતું હતું એમ જ લાગે. વિજયભાઈ અને નીતિનભાઈની જુગલજોડીને અંતઃકરણથી શુભેચ્છાઓ.

વિદ્યાર્થી સંગઠનો રાજનૈતિક પક્ષોની મુક્ત રહે

રંગ-ઉમંગ
કાનન ઓઝા

દેશના સર્વસામાન્ય વાતાવરણનો પણ આપણે આ સંદર્ભમાં વિચાર કરવો પડશે. આજનું વાતાવરણ જીવનનાં આર્થિક અને રાજનૈતિક પાસાઓને અત્યધિક મહત્ત્વ આપવાથી કલૂષિત થઈ ગયું છે. તે ક્ષેત્રોમાં કામ કરનારા લોકોને સમાજના નેતા અને આદર્શ રૂપમાં પ્રદર્શિત કરવામાં આવે છે. કયારેક કેટલાક અપવાદોને જો આપણે છોડી દઈએ તો આ લોકોનાં ચારિત્ર્ય અને વ્યવહાર ખૂબ અનુકરણીય હોય છે. એમ કહેવું મુશ્કેલ છે. રોજે રોજ આ લોકો દ્વારા લોકોને ઉશ્કેરાવવાનું અને ભડકાવવાનું કામ ચાલતું રહે છે. આંદોલનો ચાલતાં રહે છે. જનતાની ભાવનાઓ, જે મોટે ભાગે દુર્ભાવનાઓ જ હોય છે, ઉત્તેજિત કરવામાં આવે છે. પછી જે નેતાઓ આદર્શ તરીકે સામે આવે છે. એમની નૈતિક ક્ષમતા કોઈ ખાસ પ્રસંશનીય રહેતી નથી. આંદોલનોમાં મન કોમળ તથા ભાવનાપ્રધાન હોય છે. સાથે સાથે એમનામાં ખૂબજ વધારે ઉત્સાહ હોય છે એવી પરિસ્થિતિઓમાં તેઓ આ આંદોલન નિર્ભિત રહેશે અને તેમના પર એની કોઈ અસર જ નહીં પડે, એવી અપેક્ષા રાખવી અસ્વાભાવિક ગણાશે.

આંદોલનોના પુરસ્કર્તાઓની એવી ઈચ્છા હોય છે કે આંદોલનોમાં ભાગ લેનારાઓની સંખ્યા વધે અને આંદોલન જોર પકડે. આ ચંચળ મનવાળી તરુણશક્તિને પોતાના ઉપયોગમાં લેવાનો મોહ એમને હોય છે. આપણે જોઈએ છીએ કે મોટા ભાગના વિદ્યાર્થી સંગઠનો કોઈને કોઈ રાજનૈતિક પક્ષનાં કાં તો આશ્રિત હોય છે. અથવા એમના માર્ગદર્શનમાં ચાલે છે, કારણ કે આ સંગઢનો દ્વારા આંદોલન કર્તાઓની મુઠ્ઠીમાં હંમેશા માટે એક આજ્ઞાકારી શક્તિ તૈયાર રહે છે. આ વસ્તુસ્થિતિ અવશ્યપણે બદલાવી જોઈએ. ઉચ્ચ ધોરણોમાં શિક્ષણ મેળવનારા વિદ્યાર્થીઓ રાજનીતિ અને રાજનૈતિક પક્ષોનો નિષ્પક્ષ ભાવે અને શાસ્ત્રીય દૃષ્ટિએ ભલે અભ્યાસ કરે. પરંતુ વિદ્યાર્થી સંગઠના કાર્યમાં કોઈ રાજનૈતિક પક્ષને કે નેતાને તેઓ હસ્તક્ષેપ ન કરવા દે તે ઈચ્છનીય છે.

દેશના સર્વસામાન્ય રાજનૈતિક વાતાવરણમાં પણ પરિવર્તન આવશ્યક છે. દરેક સમસ્યા માટે આંદોલન કરવાની આદત આપણે છોડવી જોઈએ. એની જગ્યાએ પરસ્પર ચર્ચા કરવાનો, પરસ્પર સમજાવવાનો એકબીજાના દૃષ્ટિકોણને સ્વીકારવાનો, શાંતિપૂર્ણ ઉકેલ શોધી કાઢવાનો અને તે દ્વારા કોઈ રચનાત્મક કાર્ય કરવાનો દૃષ્ટિકોણ અપનાવવો જોઈએ. આ બાબત શાસકોની રીતિ નીતિ સહુથી વધારે મહત્ત્વની છે. શાસક જો પોતાના સિવાય કોઈ બીજાના મતને યોગ્ય સન્માન અને માન્યતા આપે નહીં અને એના પર સંયુક્ત વિચાર ન કરવાની જીદ પર અક્કડ રહે, તો આંદોલનો ચાલતા જ રહેશે અને એમની સાથે સાથે વિદ્યાર્થીઓના અનુશાસનહીનતા પણ એ પ્રમાણમાં દરરોજ વધતી જ રહેશે.

તેથી એ આવશ્યક છે કે વિદ્યાર્થી સંગઠનો એ અન્ય રાજનૈતિક કે આંદોલનકારી પક્ષો સાથે પૂર્ણ વિચ્છેદ કરવો જોઈએ અને એમની શક્તિઓને જ્ઞાનસંવર્ધક, સેવાભાવી, ભ્રમપ્રતિષ્ઠા વધારનારા બંધુભાવ અને સામૂહિક જીવન નિર્માણ કરનારા સ્વસ્થ કાર્યોમાં લગાડવી જોઈએ વિદ્યાર્થી સંગઠન બંધ કરી દેવું એ સમસ્યાનો ઉપાય નથી. ખાસ કરીને મહાવિદ્યાલય સ્તરે વિદ્યાર્થી સંગઠનોને પ્રોત્સાહનો કરવા અતિ આવશ્યક છે.

સમાચારપત્ર તો જનજીવનનું પ્રતિબિંબ માત્ર છે. સમાજની બધી ખરાબીઓ સમાચારપત્રોમાં તરત જ પ્રગટ થાય છે. આજે આપણે રાજનીતિ તથા ભૌતિકવાદને ખૂબ મહત્ત્વ આપીએ છીએ. એ વાતોએ આપણી બધી શક્તિઓને દબાવી દીધી છે. અર્થાત એનું અતિશયોક્તિપૂર્ણ પ્રતિબિંબ આપણે સમાચારપત્રોમાંથી મેળવવીએ છે. આપણાં સમાચારપત્રો સનસનાટી ફેલાવતા તથા પાપ અને અપરાધ કથાઓને ખોતરતા રહેવામાં ગર્વ અનુભવે છે. આ વૃત્તિમાં નખશિખ પરિવર્તન આવશ્યક છે. રાજનૈતિક અને આર્થિક પાસાઓને તથા તે ક્ષેત્રોમાં કાર્ય કરનારી વ્યક્તિઓને ખૂબ જ વધારે મહત્ત્વ આપવા અને એમને આદર્શ પુરુષોના રૂપમાં ચિત્રિત કરવાને બદલે જો પરમેશ્વરની તથા માનવતાની સેવા કરનારી વ્યક્તિઓને વધારે મહત્ત્વ આપશે.

પ્રગતિને નામે આ બધુ ચાલી રહ્યું છે, ન કોઈ રોકે છે, ને કોઈ ટોકે છે. ભૌતિક, રાજનૈતિક અને વૈશ્વિક વાતોને ખૂબ વધુ મહત્ત્વ આપવાની આ રુચિ પરિણામ એ આવ્યું કે બધા પ્રકારના નૈતિક સાત્વિક મૂલ્યો લુપ્ત થઈ રહ્યા છે. આજનું નૈતૃત્વ, એવું બનાવેલું વાતાવરણ અને પચાવી ક્ષુધાની પૂર્તિ જ આધુનિકતા, પુરોગામિતા અને પ્રગતિનું સારસર્વસ્વ આ પ્રકારની મિથ્યા ધારણાઓએ, સમાજને ખાસ કરીને નવયુવકોને નીતિ નિરપેક્ષ બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા છે.

લઘુ અખબારી પત્રકારત્વ : સેવા, નોકરી કે વ્યવસાય ? એક ફેરવિચારણા

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

પત્રકાર સમાજનો ચોથો સ્તમ્ભ છે. સમાજના ઘડતરમાં પત્રકારનું પ્રદાન બહુમૂલ્ય હોય છે. પત્રકાર એ સમાજની ત્રીજી આંખ છે, પત્રકાર એ સમાજનો જાગતો પ્રહરી છે. સમાજનો અરીસો છે, રાહબર છે, પત્રકાર વિશે આવું ઘણું બધું બૌધિક વિચારકો કહી ગયા છે. પત્રકારની કેટલીક ખાસ ફરજો અને જવાબદારીઓ પણ છે. કેમ કે તેમણે વ્યક્તિગત સ્વાર્થ છોડીને આખા સમાજનું હિત વિચારવાનું છે. સર્વહિતાય એમનો જીવનમંત્ર હોય છે. સમાજના સાવ નીચલા સ્તરના લોકોનો અવાજ તેઓ સરકાર સુધી પહોંચાડે છે. લોકોના સામાજિક, આર્થિક, રાજકીય, શૈક્ષણિક કે પારિવારિક કોઈપણ પ્રકારના પ્રશ્નોને પત્રકારો વાચા આપીને સત્ય આપણી સમક્ષ રજુ કરે છે. પત્રકારોમાં કેટલાંક ગુણ પણ આવશ્યક છે. કે તેઓ એકદમ સત્યને રસ્તે ચાલનાર, નિષ્ઠાવાન હોવો જોઈએ, સત્ય, સાહસ અને સમર્પણ એમનો આદર્શ બને તો જ એ સમાજોપયોગી બની શકે છે. પત્રકાર એકદમ નીડર હોવો જોઈએ, ગમે તેવા સત્યને ઉજાગર કરી શકે એવી એની હિંમત અને હામ હોવી જોઈએ, પત્રકાર કોઈ ધર્મ કે સંપ્રદાય કે જ્ઞાતિ જાતિ કે પક્ષ કે વાડાબંધીથી મૂક્ત હોવો જોઈએ.

પત્રકારો વિશે આપણે ત્યા ખૂબ જ ગેરસમજો પ્રવર્તે છે. ખોટી ધારણાઓ બાંધી લેવામાં આવે છે. કેમ કે પત્રકારનું કામ જ અસત્યને રજુ કરવાનું હોય છે. ભ્રષ્ટાચારને ખૂલ્લો પાડવાનું હોય છે. જેને કારણે આપણી સિસ્ટમને કે ઉપરી લોકોને આ બધુ નથી ગમવાનું. વળી લોકો અખબારમાં વાચશે તો શક્ય છે કે તેઓ પણ થોડો નકારાત્મક ભાવ અનુભવશે. પણ સત્ય એ સત્ય હોય છે. અને મોટેભાગે કડવું હોય છે. જેમ સમાજમાં પોલીસને કારણે આપણી સામાજિક વ્યવસ્થા બરાબર જળવાઈ રહી છે તેમ પત્રકારોને કારણે આપણી શાસન વ્યવસ્થા પણ ઠીક ઠીક જળવાઈ રહી છે. જો સમાજમાંથી બધા અખબારો ને ટી.વી. ન્યુઝ ચેનલો બંધ કરી દેવામાં આવે તો ? વિચારો.... કેટલીબધી અરાજકતા ફેલાઈ જાય ? કેટલો વ્યાપક ભ્રષ્ટાચાર થવા લાગે ? આ બધું હાલ પત્રકારોને કારણે કંટ્રોલમાં છે.

પત્રકારોને સરકાર દ્વારા કેટલીક સવલતો પણ આપવામાં આવે છે. એક તો તેઓ પોતાના રાજ્યમાં સરકારી બસમાં મફતમાં મુસાફરી કરી શકે છે. અને રેલવેમાં આખા ભારતમાં ૫૦ ટકા કન્શેશનથી. તેઓને રાજ્યના કે રાજ્ય બહારનાં સરકારના વિશ્રામગૃહો કે સરકીટ હાઉસમાં નજીવા ચાર્જથી રહેવાનું મળે છે. આ ઉપરાંત તેઓને ક્વૉટા પ્રમાણે ઓછી કિંમતે અખબાર છપાવવા માટે કાગળ મળે છે. અને યોગ્યતાની ચકાસણી બાદ અખબારને સરકાર તરફથી જાહેરાતો મળે છે. બસ આનાથી વિશેષ સવલતો હોય તો મારા ધ્યાનમાં નથી.

આજની મારી વાત ખાસ લઘુ અખબારોના પત્રકારો વિશે છે. કેમ કે આજે લઘુ અખબારો નાનામાં નાના ગામડે ઘેર ઘેર પહોંચે છે. તમામ સરકારી કચેરીઓના દરેક ટેબલે પહોંચે છે. જેમાં નાના લોકોની સમસ્યાઓનું પ્રાગટ્ય હોય છે. પત્રકાર સમાજના પ્રત્યેક પરિવારોની સમસ્યાઓનું આલેખન પોતાના અખબારોમાં યોગ્ય રીતે કરીને ઉપર પહોંચાડે છે. પરંતુ છેલ્લા કેટલાય વર્ષોથી એક પ્રશ્ન મારા મનમાં સતત ઘુમ્યા કરે છે કે પત્રકારોના પરિવારનું શું ? શું પત્રકારે જ સમાજના પ્રત્યેક પરિવારો માટે વિચારવાનું ? તેના પરિવાર માટે કોણ વિચારશે ? કેમ કે સરકારનો એક સૌથી મોટો અસંગત નિયમ છે કે પત્રકાર કોઈપણ પ્રકારની નોકરી કે ધંધો કરી શકે નહીં. કેમ કે પત્રકારત્વ એ ફૂલ ટાઈમ સેવા કાર્ય છે. તો પછી પત્રકારનું ઘર આ મોંઘવારીમાં ચાલે કંઈ રીતે ? એના સંતાનો સારું શિક્ષણ કંઈ રીતે મેળવી શકશે ? પ્રસ્થાપિત દૈનિક અખબારો કે ટી.વી. ન્યૂઝ ચેનલોમાં કામ કરતા પત્રકારોને તો ખૂબ સારો પગાર પણ મળતો હોય છે. પરંતુ લઘુ અખબારોના પત્રકારોના પરિવારોનું શું ? જો તેઓ નોકરી કે ધંધો ના કરે તો એમનું જીવન કંઈ રીતે ચાલે ? લઘુ અખબારોને સરકારી જાહેરાતો પણ એટલી અપાતી નથી કે એનાથી એ અખાબર પણ સરખી રીતે ચાલી શકે. તો પછી એમાંથી એનું ઘર તો કેમ ચાલે ? ક્યાંક કોઈક અપવાદને બાદ કરતા કોઈ લઘુ અખબાર એવું પણ નથી કે એ વેંચી કે વહેંચીને એમાંથી આવક ઊભી કરી શકાય. અને પરિણામે પત્રકાર આવક મેળવવા, પોતાનું ઘર ચલાવવા, બાળકોને સારું શિક્ષણ આપવા બીજા રસ્તાઓ અપનાવે છે. સરકારી સત્તા અને સિસ્ટમ સામે જંગે ચડે છે. જેને આપણે પીળું પત્રકારત્વનું નામ આપીએ છીએ. પરંતુ આ પીળા પત્રકારત્વ પાછળ પણ હોય છે તો સત્ય જ. જેની ભાષા બહું જ કઠોર રીતે રજુ થાય છે. અને ઘણીવાર એ સત્ય નહીં પ્રગટ કરવાની ચોક્કસ કિંમત ચૂકવવી પડતી હોય છે. અને જ્યા કિંમત નથી ચૂકવાતી ત્યા એ સમાચાર રૂપે આપણી સામે આવે છે.

આજના યુગમાં પરિસ્થિતિ ગમે તેવા સારા માણસને તોડી નાખે છે. આજે માણસ પોતાનો પરિવાર ચલાવવા, પરિવારને બે ટાઈમ સારું ભોજન આપવા યેનકેન પ્રકારેણ પ્રયત્નો કરતો રહે છે. વ્યક્તિને ખરાબ નથી બનવું હોતું. પણ પરિસ્થિતિ બનાવે છે. પત્રકાર જાણે છે કે જે વ્યકિત પાંચ દસ હજાર કમાવવાને પણ લાયક નથી એ આજે કોઈ રાજકીય પક્ષ સાથે જોડાઈને કે સરકારી નોકરીમાં ઉચ્ચ સ્થાને બેસીને ભ્રષ્ટાચાર કરીને લાખો કરોડો કમાય છે ત્યારે પત્રકારનો અંતર્રાત્મા વિદ્રોહ પોકારે છે અને નકારાત્મક પ્રવૃતિ તરફ વળી જાય છે. જેને આપણે બ્લેક મેઈલિંગ કહીએ છીએ. પણ હકિકતે એ ભ્રષ્ટાચાર વિરુદ્ધનો પ્રતિકાર હોય છે. અને આ પ્રવૃતિ પત્રકારે નાછૂટકે કરવી પડતી હોય છે. આવી પ્રવૃત્તિને કારણે આજે પત્રકારોની આખી બિરાદરીને સહન કરવાનું આવે છે.

સમાજમાં પોલીસ, પત્રકાર અને પોલિટીશ્યન જો સરખી રીતે સચવાય તો મોટાભાગનો ભ્રષ્ટાચાર બંધ થઈ જાય. પોલીસ અને પોલિટીશ્યનને તો પગાર, પેન્શન અને ગ્રાન્ટ હોય છે, પણ આમાં પત્રકારને કશું જ નથી હોતું. " પત્રકારે નોકરી કે ધંધો નહી કરવાનો " આ વર્ષોથી ચાલ્યો આવતો નિયમ છે જેમાં હવે ફેરફાર કરવાની જરૂર છે. અને એ પણ ખાસ લઘુ અખબારના પત્રકારોને ધ્યાનમાં રાખીને. કેમ કે જો પત્રકારો માટે પત્રકારત્વ ઉપરાંત પરિવાર ચલાવવા માટેનો વિકલ્પ મળશે તો તેને અન્ય નકારાત્મક પ્રવૃત્તિ કરવાની ફરજ નહીં પડે. અને વળે લઘુ અખબારો સાપ્તાહિકો હોવાથી એમાં નોકરી કે ધંધો કરવાનો સમય પણ મળી રહેતો હોય છે. વળી પોલીસ અને પોલિટીશ્યનોને રહેવા માટે સરકારી રહેણાંક મળે છે. પણ પત્રકારોને આ સગવડ બધે નથી અપાતી. આ માટે પણ દરેક જિલ્લામાં પત્રકારોની, એના અખબારની યોગ્યતા, સિનિયોરિટી, અભ્યાસ, દૃષ્ટિકોણ વગેરે બાબતો તપાસી યોગ્ય પત્રકારોને રહેવા ઘર પણ આપવું જોઈએ. અને અમુક ફિક્સ પગાર પણ બાંધી શકાય. જેનાથી એ પોતાનો પરિવાર ચલાવી શકે. કેમ કે પત્રકારત્વ એ એક રીતે સરકારનું જ કામ છે. સામાજિક સેવા જ છે.

હા, એ પણ સત્ય છે કે આ બધી સેવા આપતા પહેલા આ પત્રકારત્વમાં પ્રવેશતા કે લઘુ અખબારો પ્રગટ કરવા માટેના નિયમો ખૂબ જ કડક બનાવવાની જરૂર છે. કમ સે કમ ગ્રેજ્યુએશન અને ડિપ્લોમા ઈન જર્નાલિઝમનો અભ્યાસ, દૈનિકનો બે વર્ષનો અનુભવ અને એક " પત્રકારત્વ પ્રવેશ પરીક્ષા " હોવી જોઈએ. એ પરીક્ષામાં પાસ થયા પછી એનો મૌખિક ટેસ્ટ પણ લેવાય. આવી બધી વિધીમાંથી પસાર થયા પછી એની અરજી દિલ્હી " રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર " ને મોકલાવી જોઈએ. આવા રોકથી પત્રકારત્વની ગુણવત્તા સુધરશે અને સામાજિક શોષણ અને ભ્રષ્ટાચાર પણ અટકશે. પણ આ કડક નિયમોની સાથે પત્રકારોની સવલતો અને સન્માન પણ વધવા જોઈએ. લઘુ અખબારો માટે નોકરી ધંધો નહીં કરવાનો નિયમ પણ બદલાવો જોઈએ.

આ સંદર્ભે જો ઉચ્ચસ્તરિય વિચારણા થશે, સમિતિનું નિર્માણ કરીને યોગ્ય આયોજન હાથ ધરાય તો પ્રજા, સરકાર, સિસ્ટમ અને પક્ષને પણ ખૂબ મોટો લાભ થાય તેમ છે. અસ્તુ. વંદે માતરમ.

- 9426060601.india@gmail.com

જમ્મુ, કાશ્મીર અને લડાખ : 'સ્વતંત્રતા'ની નવી સવાર !

રજળપાટ
અજય ઉપાધ્યાય

પંજાબ અને જમ્મુ-કાશ્મીરની સરહદ પર આવેલા પઠાણકોટ જીલ્લાનું નાનકડું ગામ માધોપુર પાંચમી ઓગષ્ટે જશ્ન મનાવી રહ્યું હતું...કારણ ? કારણ એ જ કે આ એ જ ગામ છે જ્યાંથી જનસંઘના શ્યામાપ્રસાદ મુખર્જીએ ૧૯૫૩ માં 'એક દેશ - દો નિશાન - દો વિધાન ' ના વિરોધમાં કાશ્મીરમાં પ્રવેશ કરેલો અને પછી પરમીટ વગર પ્રવેશવાના ક્ષુલ્લક ગુના બદલ જેલવાસ ભોગવીને શંકાસ્પદ રીતે મૃત્યુ પામેલા. જે ધારાના વિરોધમાં મુખર્જીએ પ્રાણની આહુતિ આપેલી એ ધારા ૩૭૦ પાંચમી ઓગષ્ટે નાબુદ થઈ અને છઠ્ઠી ઓગષ્ટે બંને સદનમાંથી બહુમતીએ પસાર થતા જ આ નાનકડા ગામમાં આવેલા મુખરજીના સ્મારક સ્થળે લોકોએ વિજયોત્સવ મનાવ્યો. ખાલી મુખર્જી જેવા રાજકીય ચળવળકારો જ નહિ પણ અંદાજે ૬૬ વર્ષના આ કાળા સમયમાં મોતને ભેટેલા ૪૦૦૦૦થી વધુ સૈનિકો અને નાગરિકોના બલિદાનને ૬ ઓગષ્ટે લોકસભામાં બહુમતીથી પસાર થયેલા કલમ ૩૭૦ના કાયદાની નાબુદી સાથે જ સાચી શ્રદ્ધાંજલિ મળી એમ કહી શકાય.

રાજકીય ઈચ્છાશક્તિ હોય તો શું થઈ શકે એનું ઐતિહાસિક ઉદાહરણ મોદી સરકારે દેશને અને દુનિયાને આપ્યું છે. કલમ ૩૭૦ પર છેલ્લા ૬ દાયકાથી વધુ સમયમાં ઘણું લખાયું છે - કહેવાયું છે - ઉઠાવાયું છે અને દરેક વખતે જે રીતે આ કલમ દુર કરવાથી કેટલા ગંભીર પરિણામો આવી શકે છે એની તરફદારો દ્વારા ગાઈ વગાડીને રજુઆતો કરવામાં આવેલી અને એના પરથી સામાન્ય પબ્લીકને પણ એમ લાગેલું કે ૩૭૦ હટાવવી લગભગ અશક્ય જ છે પણ જે રીતે મોદી સરકારે કુનેહપૂર્વક અને મક્કમતાથી આ કલમને દુર કરી છે એની શાબાશી દેશ અને દુનિયામાં બધેથી મળી રહી છે. ૩૭૦મી કલમ જમ્મુ-કાશ્મીર-લડાખને ભારત સાથે જોડી રાખે છે એવી દલીલો કરનારા લોકો આ કલમને લીધે આ ત્રણેય ક્ષેત્રોની પ્રજાને કેટલું નુકશાન થઈ રહ્યું છે એ વાત જાણીજોઈને દબાવી રાખતા હતા. ખાસ કરીને આ બધા જ ક્ષેત્રોનો વિકાસ કુંઠિત થઈ ગયેલો અને વિકાસને બદલે ત્રાસવાદને સહારે સીમિત થઈ ગયેલા આ પ્રદેશોમાં આ સ્વતંત્રતા દિવસ ખરેખર નવી સ્વતંત્રતાની લહેર લઈને આવશે એ નક્કી છે.

આખી કલમ જ અસ્થાઈ હતી અને કલમમાં જે એક દેશ બે વિધાન જેવી વાતો હતી , કલમને લીધે જમ્મુ-કાશ્મીર ભારતના અભિન્ન અંગ હોવા છતાં કેમ નહોતા એ બધી જ ચર્ચાઓ પાછલા ત્રણેક દિવસમાં ખુબ થઈ છે એટલે એનું પુનરાવર્તન કરવાની જરૂર નથી પણ પહેલા રાજ્યસભામાં અને પછી લોકસભામાં કલમ નાબુદી પર ચાલેલી ચર્ચાઓમાં એક વાત તો દેશની પ્રજાએ નોંધી જ લીધી કે કોંગ્રેસ સહીત કાશ્મીરી નેતાગીરી શા માટે કલમ જવાથી આટલી બધી બેબાકળી બની ગઈ. લોકસભામાં લદાખના યુવાન એમપી જામ્યાંગ નામગ્યાલની મસ્ટ લિસન સ્પીચ એ વાતનો પ્રત્યક્ષ પુરાવો બની ગઈ કે ખરેખર અત્યાર સુધી કાશ્મીરી નેતાગીરી અને ત્યાની સરકારોએ કલમની ઓથ નીચે કેટલો ભેદભાવપૂર્ણ અને વિભાજક વર્તાવ કર્યો છે. છેલ્લા છ દાયકામાં ઓલમોસ્ટ ત્રણ પરિવારોએ કરેલા શાશનને લીધે અને લાગુ કરવામાં આવી ત્યારે જ ટેમ્પરેરી હતી એવી કલમના જોરે આ પ્રદેશોમાં માત્ર ને માત્ર વિખવાદ - ભ્રષ્ટાચાર અને અલગાવવાદ નો જ વિકાસ થયો છે. જામ્યાંગે તો માત્ર લડાખનો જ ઉલ્લેખ કર્યો પણ ઈતિહાસની વાત જવા દો તો પણ છેલ્લા કેટલાક વર્ષોમાં ખીણમાં માથું કાઢી ગયેલા આતંકવાદ અને અલગાવવાદની કહાની તો હવે લોકોને બરાબર યાદ છે જ. મોદી સરકારની આતંકવાદ સામે ઝીરો ટોલરન્સની નીતિને લ